# શાકભાજીના ભાવમાં ધરખમ ઉછાળો આવતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

ભિલોડા,તા.૬

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં શાકભાજીના ભાવ આસમાને આવતા ગૃહિણીઓના ઘરનું બજેટ ખોરવાયું છે. શાકભાજીના ભાવોમાં ધરખમ ઉછાળો આવતા ગૃહિણીઓને પરસેવો છોડાવી દીધો હોવાનું જાગૃત મહિલાઓએ જણાવ્યું હતું. શાકભાજીના ભાવોમાં ધરખમ ભાવ વધારો આવતા અંદાજીત ૩૦ થી ૪૦ ટકા સુધીનો મોંઘવારીના જમાનામાં ગરીબ અને મધ્યમ વર્ગના પ્રજાજાનોને શું ખાવું અને શું ના ખાવું તેવી સમસ્યા સર્જાઈ છે. શાકભાજીના ભાવ ભડકે બળતા હોવાના કારણે ગરીબ વર્ગ આર્થિક મેશ્કેલીમાં મુકાયો છે. ગરીબ મજુરીયાત વર્ગના લોકો દિવસ-રાત કાળી મજુરી કરી માંડ-માંડ પેટીયું રળતા હોય છે ત્યારે એકા-એક શાકભાજીના ભાવમાં ધરખમ ભાવવધારો આવતા મધ્યમ વર્ગના પ્રજાજનો મુશ્કેલીમાં મુકાયા છે. ઉંચા ભાવો ગ્રાહકો પાસેથી વસુલતા હોવાનું જાગૃત ગ્રાહકોએ જણાવ્યું હતું. ખાદ્ય ચીજવસ્તુઓનો પુરવઠો ઓછા આવતો હોય ત્યારે ગ્રાહકોની માંગનું પ્રમાણ એકસરખુ રહેવાથી શાકભાજી તેમજ ફ્રુટના ભાવોમાં એકા-એક કૃત્રીમ ઉછાળો આવ્યો હશે તેમ લોકમુખે જાણવા મળેલ છે.

ભિલોડા ટાઉન મીની પોલીસ ચોકી, મઉં ચાર રસ્તા પાસે શાકભાજી માર્કેટ આવેલ છે. શાકભાજી માર્કેટમાં અંદાજીત ૧૦૦ થી વધુ



શાકભાજીના ભાવમાં ઉછાળો આવેલ છે. શાકભાજીના પાકમાં ઉતારો ઓછો આવતો હોવાના કારણે શાકભાજીના ભાવોમાં ધરખમ તેજી જોવા મળેલ હોવાનું વેપારીઓ ધ્વારા જાણવા મળેલ છે.

શાકભાજીના ભાવોમાં જંગી ઉછાળો આવતા આ તેજીના ભાવો શાકભાજી પકવતા ખેડુતો માટે નથી. હોલસેલ તેમજ રીટેલ વેપારીઓ માટે કૃત્રિમ તેજીના ભાવ શાકભાજી માર્કેટમાં ગ્રૃહિણીઓને સાંભળવા મળતા હોય છે. કાળઝાળ અસહ્ય શાકભાજી માર્કેટમાં લારીઓ ઉપર ગૃહિણીઓ રીતસરના આટાં-ફેરા મારી ભાવ બાબતે રકઝક કરતી હોય છે.ગરીબ અને મધ્યમ વર્ગની ગૃહિણીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે. ઘઉં, ચોખા, મકાઈ, અળદ, મગ, ચણા તેમજ તુવેરના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે ઓછી આવકમાં ઘર ચલાવતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની હાલત ખરાબ છે.

અમુક બે નંબરીયા વેપારીઓ ધ્વારા શાકભાજી તેમજ ફ્રુટના ઉંચામાં શાકભાજી વેચતા અમુક બે નંબરીયા વેપારીઓના વજન કાંટા સાચા છે કે ખોટા તે પ્રશ્ન સતત ગૃહિણીઓને સતાવતો હોય છે.

અમુક શાકભાજી વેચતા વેપારીઓ એવા છે કે પથ્થરના બાટ બનાવી ધોળા દિવસે બિન્દાસ્ત વેપાર કરતા હોય ત્યારે વજનમાં ગેરરીતી કરતા હશે તેમ લોકમુખે પણ ચર્ચાય છે. લાગતા-વળગતા તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક કાર્યવાહી કરવા ગૃહિણીઓની પ્રબળ લોકમાંગણી છે.





આણંદ અને વિદ્યાનગર શહેરમાં આજે દિવસ દરમિયાનના ભારે ઉકળાટ બાદ ૩૯.૨ ડીગ્રીના તાપમાન સાથે ઢળતી સંધ્યા પૂર્વે વાદળના ગડગડાટ વચ્ચે એકાએક જ કમોસમી માવઠું વરસી પડ્યું હતું. જેના પરિણામે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું. આ પ્રકારના વરસાદી માહોલની સાથે સાથે ખેડા જિલ્લામાં પણ વાવાઝોડાના પરિણામે ધુળીયું વાતાવરણ સર્જાઈ ગયું હતું. જેથી વાહનચાલકો પરેશાન થઈ ગયા હતા. દિવસ દરમિયાન બદલાતા હવામાનના કારણે સમગ્ર ચરોતરમાં રોગચાળાની દહેશત સેવાઈ રહી છે.

# ભિલોડામાં ભેળસેળવાળા કેરીના રસનું ધુમ વેચાણ : પ્રજાજનોના આરોગ્ય સાથે ચેડા

ભિલોડા,તા.૬

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં ભેળસેળવાળા કેરીના રસનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. પ્રજાજનોના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા છે પરંતુ મલાઈદાર હપ્તારાજ ચાલતુ હોવાના કારણે વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા હોવાના જાગૃત પ્રજાજનો ધ્વારા જાણવા મળેલ છે. બજારોમાં કેરીનું આગમન થતાં સ્વાદના શોખીન પ્રજાજનો કેરીના રસનો સ્વાદ ચાખવાનો શરૂ કરી દીધો છે. કાર્બાઈડથી પકવેલી કેરીઓનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. ઉનાળાની અસહ્ય કાળઝાળ આગ ઝરતી ગરમીમાં કેરીનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. કેરીના ભાવથી ઓછા ભાવમાં ભેળસેળવાળો કેરીનો રસ સરળતાથી સસ્તા ભાવે મળી રહે છે. બજારમાં તૈયાર મળતો કેરીનો રસ અને કેરીનો જ્યુસ ભેળસેળવાળો બનાવવા માટે પપૈયા, એસેન્સ, કલર, બરફ, પાણીનું મિશ્રણ કરી કૃત્રિમ કેરીનો રસ બનાવવામાં આવે છે. બજારોમાં ધુમ વેચાણ થઈ રહ્યું છે પરંતુ પ્રજાજનોના આરોગ્ય સાથે રીતસરના ચેંડા થઈ રહ્યા હોવાનું જાણવા મળેલ છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં ઠેર-ઠેર કેરીના રસના જ્યુસ સેન્ટરો, શેરડીના રસના સેન્ટરો બિલાડીના ટોપની માફક ફુટી નીકળ્યા છે. બે નંબરીયા અમુક વેપારીઓ વધુ નફો મેળવવા ભેળસેળવાળો કેરીનો રસ તૈયાર કરી કેરીના રસનું ધુમ વેચાણ કરી રહ્યા છે પરંતુ પ્રજાજનોના આરોગ્ય સાથે ચેંડા થઈ રહ્યા છે ત્યારે વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રમાં પોઢ્યા છે. જાગૃત પ્રજાજનોમાં લોકમુખે ચર્ચાય છે કે વહીવટી તંત્રના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ ધ્વારા સત્વરે યોગ્ય ન્યાયિક તપાસ કરવામાં આવશે કે કેમ તેમ લોકમુખે ચર્ચાય છે.

# પ્રાંતિજમાં ટેકરા ઉપર ટીટોડીએ ઈંડા મુકતા સારા વરસાદના એંધાણ

પ્રાતિજ, તા. ૬

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ સ્વામિનારાયણ સોસાયટી પાસે આવેલ વરસાદી પાણીના કેનાલ અને વર્ષો પહેલાનો જુના રસ્તા તરીકે ઉપયોગ થતા કેનાલના ટેકરા ઉપર ટીંટોડીએ ચાર જોવા માટે ટીંટોડી નામું આ પક્ષીના ઈંડા મુકવાની પદ્ધતિ ઉપર આવાનારા વર્ષ અને વરસાદના લક્ષણો કે સારા વર્ષના ભવિષ્ય જોવાતા અને એ સમયે કોઈ મોસમ ખાતુ કે હવામાન ખાતુ કે માપદંડનું માધ્યમ ના હતુ. જેથી પહેલાના જમાનામાં તે સમયે ટીંટોડીના ઈંડા



ઈંડા મુકતા જુની લોક વાયકા પ્રમાણે ઉંચી જગ્યાએ ઈંડાઓ મુકવામાં આવતા વરસાદના સારા એંધાણનું ભવિષ્ય ભાખ્યું છે.

પહેલાના જમાનામાં કોઈ યંત્રો કે વૈજ્ઞાનિકો હતા નહી અને તે વખતે વરસાદના સારા એંધાણ મુકવાની પદ્ધતિ ઉપરથી કેટલો વરસાદ અને કેટલા મહિના અને ચોમાસુ કેવુ જશે તેના ઈંટા મુકવા ઉપરથી વર્ષનું ભવિષ્ય ભાખવામાં આવતું જ્યારે આ વર્ષે પણ ટેકરી ઉપર ટીંટોડીએ ચાર ઈંડા મુકવામાં આવતા હાલ તો ચોમાસુ સારૂ જવાના એંધાણ જણાઈ આવે છે.

# પાટણ જિલ્લામાં પાઈપલાઈન દ્વારા ઘેર ઘેર રાંધણગેસ પહોંચાડવા તથા સીએનજી સ્ટેશનો સ્થાપવા ગુજરાત સરકારની મંજુરદ

ગાંધીનગર, તા. ૬

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી સમયે ભાજપના પાટણ વિધાનસભા મત વિસ્તારના ઉમેદવાર તરીકે પાટણ રીક્ષા એસોસીશન તથા પાટણ નગરજનોએ પાટણ શહેરને ઓનલાઈન ગેસ તથા ઘર વપરાશી ગેસ મહાનગર શહેરોની જેમ પાટણ જિલ્લાને મળશે ? એવી લાગણી મારા સમક્ષ વ્યક્ત કરેલ ત્યારે મેં ભારતીય જનતા પાર્ટીના નેતા નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ અને સબળ નેતૃત્વમાં વિશ્વાસ મુકી ગેસ મળશે તેમ પ્રિન્ટીંગ અને ઈલેક્ટ્રોનીક્સ મીડીયા સમક્ષ ખાતરી આપેલ. જે ગુજરાત સરકાર દ્વારા પાટણ જિલ્લામાં ઘેર ઘેર રાંધણગેસ પહોંચાડવા તથા સીએનજી સ્ટેશનો સ્થાપવા મંજુરી આપતાં, મે આપેલ ખાતરી પૂર્ણ કરેલ છે.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરતાં જણાવવાનું કે, આ કામગીરી ગુજરાત સરકાર હસ્તકની સાબરમતી ગેસ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવશે. આ મંજુરી અંતર્ગત પ્રથમ તબક્કામાં પાટણ જિલ્લાના ૫૦૦૦થી વધુ વસતી ધરાવતા ૨૯ ગામોને પાઈપલાઈનથી ઘર વપરાશી ગેસ આપવાનું નક્કી કરેલ છે. આ પ્રથમ તબક્કામાં પાટણ વિધાનસભા મત વિસ્તારના ૧૫ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં પાટણ શહેર, સાંપ્રા, સરીયદ, વાયડ, કોઈટા, નાયતા, કાંસા, આધાર, વામૈયા, ડેર, હાંસાપુર, કુણઘેર, રણુંજ અને બાલીસણાનો સમાવેશ થાય છે.

આમ ઉક્ત મોટા ગામોમાં ઘર વપરાશી ગેસ તેમજ સીએનજી સ્ટેશનો સ્થાપવા ગુજરાત સરકાર તરફથી મંજુરી મળવાને કારણે આ ગામોને પ્રદૂષણ મુક્ત ગેસ મળવાને કારણે અન્ય ઈંધણના કારણે વાતાવરણાં ફેલાતુ પ્રદૂષણ ઓછુ થઈ સ્વચ્છ વાતાવરણ મળશે. ધૂમાડાના કારણે રસોઈ બનાવતી મહિલાઓમાં શ્વસન સંબંધી થતાં રોગોથી મુક્તિ મળશે.



# વાંકાનેર ગામમાં માતાજીના મંદિરનો પાટોત્સવ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં (દેવદર)માં બિરાજમાન શ્રી વહાણવટી માતાજી,શ્રી જય અંબે માતાજી અને શ્રી મહાકાલી માતાજીના મંદીરનો પાટોત્સવ ભક્તિભાવ પુર્વક યોજાયો હતો.વાંકાનેર ગામમાં શ્રી વહાણવટી માતાજી,શ્રી જય અંબે માતાજી અને શ્રી મહાકાલી માતાજીના મંદીરનો પાટોત્સવ પ્રસંગે ભાવિક ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટ્યા હતા.ભાવિકભક્તોએ મહાપ્રસાદીનો મોટી સંખ્યામાં લાભ લીધો હતો.શ્રી વહાણવટી માતાજી,શ્રી જગદંબા માં અને શ્રી મહાકાલી માતાજી મંદીર જીર્ણોદ્ધાર સમિતી વાંકાનેર,રાજુભાઈ વિઠ્ઠલભાઈ વાઘેલા,ગંગારામભાઈ વાઘેલા,ચંદુલાલ ઉપાધ્યાય(ગોરમહારાજ),શૈલેષભાઈ વાઘેલા,અશોકભાઈ વાઘેલા,ગીરીશભાઈ કોટવાળ,રમેશભાઈ વાઘેલા,વિનોદભાઈ વાઘેલા તેમજ સમસ્ત વાઘેલા પરીવાર સહિત સેવાભાવી કાર્યકરોએ આ પાટોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ડીસામાં રખડતા ઢોરોની સમસ્યાથી પ્રજાજનો પરેશાન

ડીસા, તા. ૬

ડીસામાં વિવિધ સમસ્યાઓથી પ્રજાજનો ત્રસ્ત બની ગયા છે. જેમાં ટ્રાફિક, અડચણ રૂપ દબાણો, રખડતા ઢોરોની સમસ્યા મુખ્ય છે. જેમ ટ્રાફિકની સમસ્યા દિન પ્રતિદિન ઘેરી બનતી જાય છે. તેમ રખડતા ઢોરોની સમસ્યા પણ પ્રજા માટે માથાના દુઃખાવા સમાન બની ગઈ છે. થોડાક સમય પૂર્વ પાલિકા પ્રમુખ દ્વારા વિવિધ અખબારી અહેવાલો અને પ્રજાની ઉગ્ર રજુઆતોને ધ્યાને લઈ એક દિવસીય રખડતા ઢોરોને પકડવાની ઝુંબેશ હાથ ધરાઈ હતી. ત્યારબાદ શહેરના ખૂણે-ખૂણે જાહેરમાર્ગો પર અડીંગો જમાવી બેઠેલા રખડતા પશુઓને ઝડપવાની કામગીરી કરાઈ રહી નથી. જેને કારણે શહેરના હાર્દસમા ગાયત્રી મંદિર સામે, જલારામ મંદિર સામે, નવા બસ સ્ટેન્ડમાં, જુના બસ સ્ટેન્ડ, જલારામ ચુના ભંડાર પાસે ફુંવારા સર્કલ, લેખરાજ સર્કલ, એસ.સી.ડબલ્યું. સરદાર બાગ વગેરે જેવા જાહેરમાર્ગો પર દિવસ દરમ્યાન તેમજ રાત્રી દરમ્યાન રખડતા પશુઓ અડીંગ જમાવીને બેઠેલા જોવા મળી રહ્યા છે. કેટલીકવાર ભરચક બજારમાં રખડતા પશુના લીધે વાહન ચાલકો અને બહાર ગામથી આવતાં લોકો હેરાન પરેશાન થઈ જતાં હોય છે. વળી કેટલીકવાર રખડતા પશુઓ વાહન ચાલક કે રાહદારી લોકોને ઈજા પહોંચાડવાના પણ બનાવો બની રહ્યા છે. આ અંગે પ્રજાજનો દ્વારા અવાર-નવાર ઉગ્ર રજુઆતો કરવા છતાં પાલિકા દ્વારા રખડતા ઢોરોને ઝડપવાની કામગીરી નકરાતા પ્રજામાં રોષ ભભુકી ઉઠ્યો છે.

# મોડાસના પંડ્યાવાસમાં તાણી બંધાયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરાયા

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા પંડ્યાવાસમાંથી પસાર થતા માર્ગ પર રોડની આજુબાજુમાં



રહેતા ૧૦ થી વધુ પરિવારજનોએ ગેરકાયદેસર દબાણ કરતા અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકો માટે ગેરકાયદેસર દબાણો નડતરરૂપ બનતા ગેરકાયદેસર મકાનોના દબાણો હટાવવાની વારંવાર ફરિયાદ મળતા નગરપાલિકાતંત્ર દ્વારા નોટીસ મારફતે ગેરકાયદેસર દબાણો દૂર કરવાનું જણાવવા છતા ગેરકાયદેસર દબાણો દબાણકારોએ ન હટાવતા ન છૂટકે નગરપાલિકાતંત્ર દ્વારા જેસીબી મશીનની મદદે ગેરકાયદેસર દબાણો દૂર કરતા રહીશોમાં આનંદ છવાયો હતો.

મોડાસા શહેરના માલપુર રોડ પર રામદેવપીરના મંદિરની નજીક આવેલા પંડ્યાવાસમાં રહેતા કેટલાક રહીશો દ્વારા મુખ્ય માર્ગ પર ગેરકાયદેસર કાયમી દબાણો કરી દેવાતા માર્ગ સાંકડો બનતા અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને પસાર થવામાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. પંડ્યાવાસમાં કેટલાક લોકોએ પાકા ગેરકાયદેસર દબાણો કરી દેતા ગેરકાયદેસર દબાણો તોડી પાડવા વારંવાર નગરપાલિકા તંત્રને ફરીયાદ મળતા શુક્રવારે નગરપાલિકાતંત્ર દ્વારા ડિમોલીશની કામગીરી કરવામાં આવી હતી અને મુખ્ય માર્ગ પર ઘરની બહાર તાણી બંધાયેલી દિવાલો, બાથરૂમ અને અન્ય દબાણો જેસીબી મશીન દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણો તોડી પાડતા પંડ્યાવાસમાંથી પસાર થતો મુખ્ય માર્ગ ખુલ્લો બનતા અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોમાં આનંદ છવાયો હતો. બીજી બાજુ ગેરકાયદેસર દબાણો કરનાર મકાન માલિકોના હોશ ઉડી ગયા હતા. મોડાસાના નગરજનો દ્વારા પંડ્યાવાસમાં તાણી બંધાયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરતા પ્રજાજનોએ પ્રશંસા કરી હતી તદઉપરાંત મોડાસા શહેરમાં નગરજનો દ્વારા અનેક જગ્યાએ તાણી બંધાયેલા ગેરકાયદેસર દબાણો કોઈ પણ રાજકીય કે સગાવાદથી દૂર રહી નગરપાલિકાતંત્ર દ્વારા તોડી પાડવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી હતી.

